# આચમન

શિક્ષણ એજ ધ્યેય...

ફેબ્રુઆરી ૨૦૧૪

અંક ૬

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.

કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ[ગુજરાત]
પિન : ૩૭૦૧૦૫.


તંત્રી શ્રી:

**મયુરભાઇ જી. ભાનુશાલી**
સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).





સંપાદક મંડળ :

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા.
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા. શાળા.
- હાર્દિક રાવલ, ચકાર પ્રા. શાળા.




## Our Web Contacts


Web Site: crckotda.weebly.com
Mail Add: crckotda2013@gmail.com
Facebook: facebook.com\crc kotda chakar


સદભાગ્ય હંમેશા પરિશ્રમની સાથે અને પાછળ હોય છે .



## તંત્રીની કલમે...

નમસ્કાર ......

ક્યારેક એવું લાગ્યા કરે કે સતત કોઈ મને અજમાવ્યા કરે ...આચમન ની જન્મગાથા અને વિકાસયાત્રા બન્ને ખાસ કંઈ અદભૂત નથી ...છતાં મને આ સાહસ માં મદદરૂપ થનાર સર્વે નો આભાર તો માનીશ જ. માસ દરમ્યાન ક્લસ્ટર કક્ષાએ થયેલ પ્રવૃત્તિઓ આપની સમક્ષ મુકું છુ. ૬ /૭ માર્ચે યોજાનાર ગુણોત્સવ-૪ માટે સર્વે શિક્ષક મિત્રોને શુભકામનાઓ ...........



સુખ સાધન માં નહિ સાધનામાં છે .

# પ્રવૃતિ કોર્નર




વાલી સંમેલન











નમ્રતા વિનાનો માણસ પાણી વિનાની નદી જેવો છે .

# નિર્મળ ભારત










જિંદગી છે એટલે ખુશી છે અને પરિશ્રમ છે એટલે જિંદગી છે .



# પુસ્તક પરિચય

પુસ્તક:- સરદાર એટલે સરદાર
લેખક:- ગુણવત શાહ

આજે સામાન્ય ભારતીયના મનમાં જે વેદના થાય છે તે આજથી ઘણા વર્ષો પૂર્વે આપણા લોખંડી પુરુશનાં મનમાં સંવેદના રૂપે થયેલી. માત્ર લેખકના પરિચયથી પણ મહાનિબંધ લખાય આવા લેખક જ્યારે "સરદાર" માટે લેખની ઉપાડે ત્યારે તેને માણવાનું ચુકાય જ કેમ □□

આ પુસ્તકમાં આપણને સરદાર પટેલ વિશેની ખૂબ જ ઊડાંણ પૂર્વકની માહિતી મળે છે. કોઇએ સરદારને રુદ્ર ભદ્ર સરદાર કહ્યા છે. જેમની "કર્મ જ મહાત્વાકાંક્ષા" તેના વિશે થોડું જાણીએ. ઈન્દિરાજીએ સરદારને "વેસ્ટર્ન કેપિટાલિસ્ટ" પણ કહ્યા ! મ□ત્યુબાદ પૂરા ત્રણસો રૂપિયા નહિ મૂકી જનારને આ અંજલિ ! અમેરિકાના વિશ્વવિખ્યાત TIME સાપ્તાહિકમાં સન ૧૯૪૭ ના જાન્યુઆરીની ૨૭મી તારીખે મુખપૃષ્ઠ પર સરદાર પટેલનો ફોટો છપાયેલો. નિખાલસતા, સાદગી અને પ્રામાણિકતા જેવી બાબતો સરદારની પર્સનાલિટીમાં જ વણાઇ ગયેલી હતી. એમાં આયાસ, પ્રયાસ કે દેખાડો ન હતો.

આ પુસ્તકમાં લેખકે સરદારશ્રીને થયેલા અન્યાયોની છણાવટ નીચે મુજબ કરી છે.

- સરદારના નિધન વખતે નહેરુએ રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્રબાબુને પ્રવચન કરી અંજલી આપવાની ના પાડી. પણ રાજેન્દ્રબાબુ ન માન્ય.
- ક.મા.મુનશી દિલ્હીથી મુંબઈ જઈ સરદારની સ્મશાનયાત્રામાં જાય તે અંગે નહેરુએ નાપસંદાગી બતાવી. મુનશી તો મુંબઈ ગયા જ.
- નહેરુ જીવતા હતા ત્યાં સુધી દિલ્હીમાં સરદાર જયંતીની ઉજવણી માંડ માંડ બીજી સંસ્થાઓએ કરી આ કામ સાંસદ પ્રકાશવીર શાસ્ત્રીએ વર્ષો સુધી કર્યું હતું. કોઇ કોંગ્રેસી પ્રવચનમાં સરદાર પટેલનો ઉલ્લેખ પણ કરતો નહી હજી આજે પણ કરાતો નથી.
- ઇંદિરાજીએ સરદારને પ્રવચનમાં કદી યાદ ન કર્યા.

આ પુસ્તક્માં ઘણું બધુ જાણવા અને માણવા જેવું છે. આજની અભ્યાસુ યુવા પેઢીને સરદારનેસમજવા માટે આ પુસ્તક્નું અધ્યયન અવશ્ય કરવું જોઇએ.

ચલતે...ચલતે...

પટેલ કે પ્રતિ !
યહી પ્રસિધ્ધ લોહ કા પુરુષ પ્રબલ,
યહી પ્રસિધ્ધ શક્તિ કી શિલા અટલ,
હિલા ઇસે સકા કભી ન શત્રુ દલ..
પટેલ પર, સ્વદેશ કા ગુમાન હૈ !

............હરિવંશરાય બચ્ચન

દિક્ષિત મોતા, સણોસરા પ્રા. શળા.



## ઉખાણું

**ના કોઈ દાઢી ના મૂછ કે કોઈ વાળ ,**
**ઊંટ જેવી પીઠ ને ભરે એ હરણફાળ ,**
**વરસે જો મેહુલો મન મૂકીને તો એ તો**
**નાચતા કૂદે ઘર પરસાળ .**

દેડકો

સુગંધ કદી કોઈ જગ્યા રોકતી નથી એટલે જ કોઈ જગા સુગંધ ને રોકી શકતી નથી



# સર્વપલ્લવી રાધાકૃષ્ણન્

**શ્રેષ્ઠ દાર્શનિક વિદ્વાન**

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ઈ. ૧૮૮૮ની પાંચમી સપ્ટેમ્બરે આંધ્રના તિરુતની ગામે થયો હતો. તિરુતથી એક તીર્થસ્થાન ગણાય છે. રાધાકૃષ્ણનનો જન્મ તીર્થસ્થાનમાં થયો તેથી જ જાણે કે તેમણે એક સાચા ભારતીય તરીકે જગતભરમાં ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય કરાવ્યો. ડૉ. રાધાકૃષ્ણનના જીવન ઉપર નજર ફેરવવી એટલે સાચા અર્થમાં વિદ્વત્તાને જીવનમાં પચાવેલ માનવીના જીવનપાસાનું દર્શન કરવું.

પોતાના સમગ્ર અભ્યાસ દરમિયાન તેઓ પ્રથમ નંબરે જ પાસ થતા. એકવીસ વર્ષની ઉંમરે મદ્રાસ યુનિવર્સિટીમાં એમ. એ.ની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયા. અભ્યાસ પૂરો કર્યા પછી તેમણે અધ્યાપનકાર્યમાં ઝંપલાવ્યું. એક શકિતસંપન્ન શિક્ષક તરીકે તેમની નામના ઝડપ-ભેર વધવા લાગી. એક સારા વ્યાખ્યાનકાર તરીકે પણ તે પ્રખ્યાત થયા. આથી ઇગ્લેન્ડ, અમેરિકા અને ભારતમાં સ્થળે સ્થળે વ્યાખ્યાનો માટે તેમને નિમંત્રણો મળતાં. કાંઈ પણ નોંધ કર્યા વિના, અસ્ખલિત વાણીમાં તેઓ પ્રવચનો કરતા. તેમનાં પ્રવચનો ઊંડા મંથનથી અને ઉમદા વિચારોથી સભર રહેતાં.

ઈ. ૧૯૫૦થી ઈ. ૧૯૬૨ સુધી ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે રહ્યા. ઈ. ૧૯૬૨માં તેઓ રાષ્ટ્રપતિ બન્યા. ઉચ્ચ દાર્શનિક પ્રતિભાને કારણે તેમણે આ પદની ગરિમામાં ખૂબ જ વૃદ્ધિ કરી.

અભ્યાસકાળ દરમિયાન વેદાંત દર્શન સંબંધી એક નિબંધ તેમણે લખ્યો જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. વિશ્વભરનાં શ્રેષ્ઠ સામયિકોમાં તેમના લેખ પ્રકાશિત થતા. તેમણે 'ઇન્ડિયન ફિલોસૉફી', 'ધી રેન ઑફ રિલીજ્યન ઇન કન્ટેમ્પોરેરી ફિલોસૉફી', 'હિન્દુ વ્યૂ ઑફ લાઈફ', 'ફ્યુચર ઑફ સિવિલાઇઝેશન' આદિ પુસ્તકો લખ્યાં છે.

ભારતીય પ્રજાના એ પ્રજ્ઞાપુરુષ હતા. એમની વિદ્વત્તા અને વ્યાખ્યાનપટુતાએ દેશદેશમાં ભારતની પ્રતિષ્ઠા વધારી હતી. જ્યાં જ્યાં તેમણે પ્રવાસ કર્યો ત્યાં ત્યાં પોતાના દેશ માટે ઊંડા સદ્દભાવની તેમણે કમાણી કરી હતી. પોતાના અંગત જીવનમાં તેઓ સાદા, સરળ, નિખાલસ અને વિનમ્ર હતા. તેઓ ગંભીર તત્વજ્ઞાની, મહાન પંડિત અને કુશળ રાજપુરુષ હતા. મધુર માનવતા એ જ ડૉ. રાધાકૃષ્ણનનું સાચું સ્વરૂપ હતું.

એપ્રિલ ૧૯૭૫ની મધ્યરાત્રિએ તેમનો સ્વર્ગવાસ થયો.

ચિરાગ પટેલ
મ.શિ.કોટડા આથમણપ્રા.શાળા

**અજબ-ગજબ**

❖શિયાળ કલાકના લગભગ ૭૨ કી.મી.ની ઝડપે દોડી શકે છે
❖ .ઘર આંગણાનું નાનામાં નાનું પક્ષી ચકલી 3000 જેટલા પીંછા ધરાવે છે .
❖ગલાપગોશ ટાપુના કાચબા ૪00 વર્ષનું આયુષ્ય ધરાવે છે .
❖દુનિયાનું સૌથી મોટું પ્રાણીસંગ્રાલય કેલેફોર્નીયામાં આવેલું સેન ડીગો છે .

માણસ ઘરમાં રહે છે તેથી વધુ તેના મનમાં રહે છે .

# કોટડા (ચકાર)સી.આર.સી. ના માર્ચ -૧૪ ના શિક્ષણ દીવડાઓ

We hope that you have a great year and accomplish all the fabulous goals you have set. Wish you a Happy Birthday! May you get the best of everything in life…..

From: Team kotda



પટેલ દીજય પી .

કોટડા ઉગમણા પ્રા.શાળા

૧૧-૩-૧૯૮૬



## ચિંતનિકા

પરમાત્મા સર્વસત્તાધીશ છે ,પરંતુ તેમણે પોતાની સત્તા ની વહેંચણી કરી દીધી છે .જગતને સર્જન-વિસર્જન કરવા ફક્ત બે ટકા સતા પોતાની પાસે રાખી છે .બાકી રહેલ ૯૮% સત્તાના બે ભાગ કર્યા .એક ભાગ માતાને આપ્યો અને એક ભાગ “શિક્ષક” ને આપ્યો .એટલેકે પરમાત્માની ૪૯% સત્તા માતાને મળી અને ૪૯% સત્તા શિક્ષકને મળી .કદાચ એવું બને ખરું કે કોઈ માતા શિક્ષક બની જય તો પરમાત્માની ૯૮% સત્તા એને મળી જય .જો શિક્ષક માતા બની તો તે પણ ઈશ્વરની ૯૮% સત્તાનો અધિકારી બની શકે છે .

દક્ષાબેન કે.આચાર્ય

મ.શિ.,માધાપર શાળા નં.-૨

**THINK POSITIVE ,THINK GOOD !**



શા માટે ?

## વય વધતા માથાના વાળ સફેદ કેમ થઇ જય છે ?

વાળ પોલી પારદર્શક નળી જેવા છે .મૂળ પાસે રહેલી કળા રંગકણ બનાવતી ગ્રંથી તેમાં કળા રંગકણ ભરે છે .આથી વાળ કળા લાગે છે . આનુવંશિકતા ,રોગ,ઈજા,પોષણની ક્ષતિ તથા વૃદ્ધાવસ્થા જેવા કારણે આ ગ્રંથિઓનું કામ ધીમું પડી જાય છે .અથવા અટકે છે .ટે નવા કળા રંગકણ બનાવતી નથી .આથી વાળનો કાળો રંગ જતો રહે છે અને ટે રંગ વિનાના-સફેદ લાગે છે .સફેદ વાળને મૂળ જેવા કળા કરી શકાતા નથી. બહારથી કલપ ,મેંદી ,આદિથી વિવિધ રંગ ચડાવી શકાય છે .

### કહેવતો ના અર્થ

**અણી ચૂક્યો સો વરસ જીવે**

કટોકટીમાંથી પર ઉતારી જવું તે જ ઉત્તમ છે .વેપાર ધંધામાં નફો ઓછો થતા ગુમસ્તાઓને એક પછી એક છુટા કરવા માંડ્યા ,પરંતુ કેમ જાણે ,તેનો વારો ણ આવ્યો,ને આજે તેની નોકરી ચાલુ છે એ સાચું છે,અણી ચૂક્યો સો વરસ જીવે .

### અતિ લોભ તે પાપ નું મૂળ

લોભના કારણે ઘણાં અનિષ્ટો જન્મે છે .વધુ નફો લેવાની ઈચ્છાથી તેને કોઠારમાં અનાજ સંગ્રહી રાખ્યું. લ્યો,અનાજ સડી ગયું. અતિ લોભ તે પાપ નું કારણ છે .

હીરાલાલ મહેશ્વરી
કોટડ ઉગમણા પ્રા.શાળા

KNOWLEDGE IS POWER




ના થવાનું થાય છે, જોયા કરો
આપણું શું થાય છે ,જોયા કરો
સત્ય પણ અફવા બનીને વિસ્તર્યું
વાત હવે ફંટાય છે ,જોયા કરો
કોણ ક્યાંથી આવે છે ,પૂછો નહિ
આવી ને ક્યાં જય છે ,જોયા કરો
આ જુઠી લાગણીના રૂપમાં
શું તમાશા થાય છે ,જોયા કરો

ગુસ્સો કરો ત્યારે સાથે એના પરિણામની પણ ચિંતા કરો .



શેરે ગુલશન

ખબર મારીકુશળતાના કોઈ પૂછેતો
કહી દેજો ,હું પાલવ મોતનો પકડી
જીવનનો પંથ કાપું છુ .

પાંપણ ઝુકી ગઈ છે એ શરણાગતિ નથી
,સૌન્દર્યની હજૂરે પ્રણયનો વિવેક છે .

આંખોમાં ભરી ને બેઠા છે દરબાર દર્દ નો
,દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે
.
દર્દની લાગણીના ઘણાં રૂપ છે ,
માત્ર આંસુ ઓ જ હોવા જરૂરી નથી .....
સ્મિત થઈને ફરકતા હશે હોઠ પર ,
વ્યક્ત થઈ ના શકે એવા ગમ કેટલા???

સ્મિતનો શણગાર આંસુઓ જ હોવા જોઈએ ,
ફૂલના પાલવ માં ઝાકળ ના કારણ વગર .

એટલાં અશ્રુ વહ્યા છે કે ખુશી ઓછી પડી ,
એટલી ઝાકળ પડી છે કે કળી ઓછી પડી .
જીવન ની સમી સાંજે મારે જખ્મો ની યાદી જોવી તી ,બહુ ઓછા પાનાં જોઈ શક્યો ,બહુ અંગત-અંગત નામ હતા !!!!

મયુર ભાનુશાલી
સી.આર.સી.કો.ઓ.કોટડા(ચ)



શિક્ષણ વાડી નું સુંગધિત પુષ્પ છે “આચમન”

શિક્ષકો ની જીવાદોરી છે “આચમન”

આચમન સામાયિક વાંચી ખૂબ જ આંનદ થયો ,બાળકો ને ગુણવત્તા સભર શિક્ષણ મળી રહે તે માટે આ પ્રયત્ન ચોક્કસ મોટો ભાગ ભજવશે .શિક્ષકો જો પોતાનું જ્ઞાન ધારદાર બનવી શકશે તો જ “એકલવ્ય” જેવા શિષ્યો પ્રાપ્ત થશે. ટીમ કોટડા ને અભિનંદન..............

અશોકભાઈ રાવલ
સી.આર.સી.કો.ઓ.
ભુજ-૨

**નમ્રતા એ તમામ સારા ગુણોનો આધાર છે .**